

# ડૉ. હેમંત વી. વૈષ્ણવ

**એસોસિએટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ**

**(ઉપાચાર્યશ્રી)**

પ્રો. ડૉ. હેમંત વૈષ્ણવે તેમની કારકિર્દીની શરૂઆત ડિસેમ્બર ૧૯૯૧માં પંચમહાલની માલવણ આર્ટ્સ કૉલેજ, પંચમહાલમાં પૂર્ણસમયના સંસ્કૃતના વ્યાખ્યાતા તરીકે કરી. ત્યાર બાદ સપ્ટેમ્બર ૨૦૦૯માં સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદમાં એસોસિએટ પ્રોફેસર તરીકે કામગીરી કરી. ઑગસ્ટ ૨૦૧૪થી સમર્પણ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરમાં સંસ્કૃત વિભાગમાં પૂર્ણ સમયના એસોસિએટ પ્રોફેસર તરીકે સેવા આપી રહ્યા છે. તેમનો કુલ શૈક્ષણિક અનુભવ ૨૯ વર્ષનો છે. તેઓએ માલવણ આર્ટ્સ કૉલેજમાં એક વર્ષનો કાર્યકારી આચાર્ય તરીકેનો વધારાનો કાર્યભાર સંભાળ્યો છે અને અત્યારે સમર્પણ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજમાં વર્ષ ૨૦૧૮ જુલાઈથી ઉપાચાર્ય તરીકેની કામગીરી પણ સંભાળે છે. આ ઉપરાંત કોલેજમાં આ વર્ષે શરૂ કરેલા પી. જી. સેન્ટરના ઈન્ચાર્જ તરીકે પણ કામગીરી કરી રહ્યા છે.

તેઓએ ૧૯૯૬માં ગુજરાત યુનિવર્સિટીની અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા પ્રાપ્ત કરી છે. અમદાવાદની એચ. કે. આર્ટ્સ કૉલેજ અને પંચમહાલની લુણાવાડા આર્ટ્સ કૉલેજમાં અનુસ્નાતક કક્ષાએ સતત ૧૮ વર્ષ સુધી અધ્યાપન કાર્ય કર્યું છે.

ડૉ. હેમંત વૈષ્ણવે અમદાવાદની ખ્યાતનામ એચ. કે. આર્ટ્સ કૉલજમાં સ્નાતકનો અભ્યાસ કરીને ગુજરાત યુનિવર્સિટીમાંથી સંસ્કૃત સાથે બી.એ.ની પદવી પ્રાપ્ત કરી છે. અનુસ્નાતક કક્ષાએ પણ એચ. કે. આર્ટ્સ કૉલેજમાં અભ્યાસ કરીને ગુજરાત યુનિવર્સિટીમાંથી એમ.એ.ની પદવી પ્રાપ્ત કરી છે. આ ઉપરાંત ડૉ. હેમંત વૈષ્ણવે સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર, આણંદ ખાતે સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. નિરંજનભાઈ પી. પટેલના માર્ગદર્શન હેઠળ સંસ્કૃત દર્શનશાસ્ત્રોમાં શિરમોર એવા વેદાંતદર્શનના રામાનુજવેદાંત (વિશિષ્ટાદ્વૈતવેદાંત) પર શ્રીરામાનુજાચાર્ય દ્વારા બ્રહ્મસૂત્ર પર લખાયેલ લઘુભાષ્ય 'વેદાંતદીપ'ને ધ્યાનમાં રાખીને, 'શ્રી રામાનુજાચાર્ય પ્રણીત વેદાંતદીપ એક અધ્યયન' વિષય પર સંશોધનકાર્ય કરીને પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે.

તેઓએ શૈક્ષણિક વર્ષ ૨૦૦૦-૨૦૦૧થી ૨૦૦૩-૨૦૦૪ સુધી ગુજરાત યુનિવર્સિટીની સંસ્કૃત અભ્યાસ સમિતિના સભ્ય તરીકે સક્રિય કામગીરી કરી છે અને સંસ્કૃતના અભ્યાસમાં આવશ્યક સુધારા વધારા માટે અમૂલ્ય સૂચનો કર્યાં છે, જે સર્વસ્વીકૃત થયાં છે.

આ ઉપરાંત L. D. Indology, અમદાવાદ, શેઠ પી. ટી. શાહ આર્ટ્સ કૉલેજ, ગોધરા, માલવણ આર્ટ્સ કૉલેજ, માલવણમાં યોજાયેલ સેમિનારમાં બીજરૂપ વ્યાખ્યાન રજૂ કર્યાં. આ ઉપરાંત ગુરુગોવિંદ યુનિ. સંસ્કૃત વિદ્યાલય દ્વારા વેબિનારમાં તજ્જ્ઞ વ્યાખ્યાન આપેલ છે.

તેઓનાં અત્યાર સુધીમાં ત્રણ પુસ્તકો પ્રકાશિત થયાં છે. જેમાં કૌટિલ્ય અર્થશાસ્ત્ર (અધિકરણ ૧ અને૭) મુખ્ય છે. આ ઉપરાંત ડૉ. હેમંત વૈષ્ણવના ૬ લેખ જુદાં જુદાં સામયિક અને જુદાં જુદાં પુસ્તકોમાં પ્રકાશિત થઈ ચૂક્યા છે અને લગભગ ૬૦ જેટલા સેમિનાર વર્કશોપમાં હાજરી આપીને ૪૫ જેટલા સંશોધનલેખ અને અભ્યાસલેખ પ્રસ્તુત કર્યા છે. સ્વવિકાસ માટે ડૉ. હેમંત વૈષ્ણવે સરદાર પટેલ યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તેમજ કેસીજી-અમદાવાદ દ્વારા આયોજિત વિવિધ વર્કશોપ અને ટ્રેનિંગ પ્રોગ્રામમાં ભાગ લઈને તેમનું અધીત તેજ કરવાનો પ્રયત્ન કર્યો છે.

તેઓને સંતરામ મંદિર, નડિયાદ તરફથી શોધકાર્ય માટે સન્માન પ્રાપ્ત થયું છે. આ ઉપરાંત આર્ષ ગુરુકુળ રાજસ્થાન તરફથી પણ સન્માન પ્રાપ્ત થયેલું છે. બાપુશ્રી શંકરસિંહજી વાઘેલા તરફથી 'સમર્પણ ગૌરવ' પુરસ્કાર પ્રાપ્ત થયેલો છે. શ્રી વૈષ્ણવ કેળવણી મંડળ અમદાવાદ તરફથી પણ ડૉ. હેમંત વૈષ્ણવને સન્માન પ્રાપ્ત થયેલું છે.

ડૉ. હેમંત વૈષ્ણવ અત્યારે સમર્પણ કૉલેજની વિવિધ સમિતિઓ જેવી કે આંતરિક પરીક્ષા અને યુનિવર્સિટી પરીક્ષા સમિતિ (કન્વીનર), કૉલેજ IQAC કોર કમિટીના સભ્ય, સર્ટિફિકેટ કોર્સ સમિતિના સભ્ય, કૉલેજ ટાઈમ ટેબલ સમિતિ, હેલ્થ અને યોગ સમિતિમાં કાર્યરત છે.

તેઓશ્રીએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦માં સમર્પણ કૉલેજના યજમાનપદે યોજાયેલા ગુજરાત યુનિવર્સિટી યુવક મહોત્સવ 'અભિવ્યક્તિ'ની ૧૪ ઈવેન્ટનું સફળતાપૂર્વક સંચાલન કર્યું. જેમાં લોકનૃત્ય, ગરબા, સુગમ સંગીત, ઈન્સ્ટ્રુમેન્ટલ વગેરે સ્પર્ધાઓનો સમાવેશ થાય છે.



'સમર્પણ ગૌરવ' પુરસ્કારનો પૂર્વ વી. સી. પ્રો. કે. એસ. શાસ્ત્રીસાહેબના વરદ્ હસ્તે સ્વીકાર કરતાં ડૉ. હેમંત વૈષ્ણવ (તા. ૫-૯-૨૦૧૮)



નેક પીઅરટીમ પૂર્વેના મોકરાઉન્ડમાં ટીમના સભ્યશ્રીઓ સમક્ષ PPT પ્રેઝન્ટેશન કરતા ડૉ. હેમંત વૈષ્ણવ



'અભિવ્યક્તિ' યુવક મહોત્સવ ૨૦૧૯માં ગરબા અને લોકનૃત્યમાં સંચાલન અંતર્ગત સ્ટેજ કમિટિનાં સભ્યશ્રીઓ સાથે ડૉ. હેમંત વૈષ્ણવ અને ડૉ. રમીલા પટેલ



'સાહિત્યિક કૃતિઓનો રસાસ્વાદ' વિષય પર યોજાયેલ સેમિનારના ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત આદરણીય ટ્રસ્ટી શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, ડૉ. વિજય પંડ્યા (રાષ્ટ્રપતિ એવોર્ડ પ્રાપ્ત), ડૉ. હર્ષદેવ જાની 'માધવ' (ગુજરાત ગૌરવ પુરસ્કૃત), પ્રિ. દીપક પંડ્યા તથા અન્ય સાથે ઉદ્‌બોધન કરતા ડૉ. હેમંત વૈષ્ણવ



'વાર્ષિકોત્સવ' ૨૦૧૯માં પ્રા. સમીમ ઘાંચી, પ્રા. મિત્તલ ચાવડા તથા પ્રા. દર્શન પુરાણીને સર્ટીફિકેટ આપતા ડૉ. હેમંત વૈષ્ણવ



આદિવાડા મુકામે યોજાયેલ NSS કેમ્પ ૨૦૧૯માં સ્વચ્છતા અભિયાનનું ઉદ્‌ઘાટન કરતા રજીસ્ટ્રારશ્રી પાંડેસાહેબ, પ્રિ. ડૉ. દીપક પંડ્યા સાથે ડૉ. હેમંત વૈષ્ણવ (તા. ૨૮-૧૧-૨૦૧૯)



'વિશ્વયોગ દિવસ' તા. ૨૧-૬-૨૦૧૯ના રોજ 'સહજયોગ' સંસ્થાનના સહકારથી યોજાયેલ કાર્યક્રમમાં ઉદ્‌બોધન કરતા ડૉ. હેમંત વૈષ્ણવ




વિશ્વયોગ દિવસ ૨૦૨૦ : તજ્જ્ઞ વક્તા તરીકે ડૉ. હેમંત વૈષ્ણવ (તા. ૨૧-૬-૨૦૨૦) ઑનલાઈન કાર્યક્રમનું સંચાલન કરતા પ્રા. શ્વેતા પંવાર